**તળાજાના બીજા એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં–                / ૨૦**

**આંક નંબર :**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધઃ–

આરોપી :

**ગુનો : – પ્રોહી કલમ–૬૬(૧) બી**

**// જજમેન્ટ //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ની ફરીયાદ માં જણાવ્યા મુજબ નો ગુનો કરતા આરોપી વિરૂઘ્ધ પ્રોહી કલમ–૬૬(૧) બી મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું આંક – ૧ વાળુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા,આરોપીને પોલીસ પેપર્સો ની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે.આરોપીએ ગુના કબુલાત પુરશીશ રજુ રાખી જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે અને મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓ વિરૂઘ્ધ ના આ ગુના અંગેના આક્ષેપો સંપુર્ણ ખરા નથી. તે ગરીબ વર્ગનાં, કુટું બ કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી માંડમાંડ તેઓનાં કુટુંબનું ભરણપોષણ કરે છે. જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીની કબુલાત પુરશીશ ની હકિકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ધ્યાને લેતા, આરોપીને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા સંદર્ભે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમા લેતા, આરોપી તેઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા હોય, આરોપી કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામા આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે , આરોપીના કથીત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનો ને થનાર હોય, આરોપીએ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી બને તેમ જણાવતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામા આવેલી રજૂઆતોને લક્ષમા લેતા, તેમજ નામદાર ગુજરાતની

વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાના નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા , જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદા થી પ્રસ્થાપિત સિઘ્ધાંત આરોપી ના કેસની હકીકતો ને લાગુ પડે છે. જેથી ,આરોપીની સ્થિતી અને સં જોગોને ઘ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રે ની અદાલત નમ્ર પણે માને છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણોસર આરોપીને કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ ફલીત થતુ હોય, ન્યાય ના હીત માં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

૧. આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૫ મુજબ પ્રોહી કલમ–૬૬(૧) બી મુજબની શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂપિયા – ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ ભરવાની સજા કરવા નો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો દીન– ૧૦ની સાદી કેદ ની સજા નો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૧ મી– ફેબ્રુઆરી– ૨૦૨૩ વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા – ૧૧/૦૨/ ૨૦૨૩ બીજા એડી જ્યુડી મેજી ફસ્ટૅક્લાસ

તળાજા.